**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૯ ટકા

# રંગોળીના રંગના માર્કેટને કોરોનાનું ગ્રહણ

ગાંધીનગર, તા.૧૪

તહેવારની ઉજવણીમાં રગ ભરવા થતી રંગોળીનું અલગ જ મહત્વ છે. દિવાળીનો તહેવાર શરૂ થતા જ ઘરે ઘરે રંગબેરંગી રંગોળી થવાની શરૂ થઈ જાય છે. ભારતીય સંસ્કૃતિમાં રંગોળીને શુભ ચિહ્ન માનવામાં આવે છે. ખાસ કરીનો દિવાળીના તહેવાર, લગ્નપ્રસંગોના સમયે વિવિધ રંગના રંગોળીના કલરથી ઘરે ઘરે રંગોળની ભાત





ભાતની ડિઝાઈન બનાવાય છે.

શહેરમાં અગિયારસ પહેલાથી જ રંગોળીના કલરનું વેચાણ શરૂ થઈ ગયું છે. ઓર્ગેનિક અને રેતીના એમ બે પ્રકારના કલરો શહેરમાં વેચાઈ રહ્યા છે. આ વર્ષે કોરોનાને કારણે રંગોળીના કલરનું માર્કેટ મંદ છે તેમ કલર વેચનાર વેપારીઓનું કહેવું છે. આ ઉપરાંત રંગોળી કરવા માટે વપરાતા વિવિધ ડિઝાઈનવાળા ચાર્ટ પેપર સાથે સ્ટીકર પણ બજારમાં વેચાઈ રહ્યા છે. આ વર્ષે પ્લાસ્ટિકના સજાવેલા સાથિયા અને ડિઝાઈનની રંગોળીનો પણ ટ્રેન્ડ છે. પરંતુ શહેરીજનોના કહ્યા મુજબ કોરોનાને કારણે તેઓ કલરની ખરીદી કરતા ડરે છે કે તેઓ સંક્રમિત ન થઈ જાય. કલરનું વેચાણ કરતા નાના વેપારીઓ નારાજ છે કારણકે દર વર્ષે જેટલું રંગોળીના કલરનું વેચાણ હાલ થઈ રહ્યું નથી.

# કર્મચારીઓ પરિવાર સહિત વતનની વાટ ભણી

**કોરોના મહામારીના પગલે બહારગામ હરવા-ફરવા જવા પર અંકુશ આવ્યો પણ સંક્રમણની ભીતિએ વતનમાં પરિવાર સાથે દિવાળી ઉજવવાનું મુનાસિબ માનતા કર્મચારીઓ : શહેરમાં સુનકાર**

ગાંધીનગર, તા.૧૪

આજે દિવાળીના શુભ પર્વથી સળંગ ત્રણ સરકારી રજાનો પ્રારંભ થઈ ગયો છે. આ વર્ષે કોરોના વાયરસ સંક્રમણની ભીતિએ શહેરીજનોએ બહારગામ ફરવા જવા પર અંકુશ રાખ્યો છે અને પોતાના વતનમાં જઈને પરિવાર સાથે દિવાળી ઉજવવાનું મુનાસિબ માન્યું લાગે છે. આ કારણે શહેરના રાજમાર્ગો પર ટ્રાફિક વ્યવહાર તદ્દન ઘટી જવા પામ્યો છે અને શહેર સુનકારના માહોલ તરફ જાણે આગળ વધી રહ્યું છે. સૌરાષ્ટ્ર તરફના દૂરના વતનીઓ તો એડવાન્સમાં રજા લઈને વતન ભણી નીકળી ગયા હતા પરંતુ છેલ્લા બે ત્રણ દિવસમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વતન ધરાવતા કર્મચારીઓ પણ શુક્રવાર સાંજથી નીકળી ગયા છે.

ગાંધીનગર ગુજરાતનું રાજકીય પાટનગર હોવાથી સ્વાભાવિક રીતે જ અહીં મોટાભાગના વસાહતીઓ સરકારી કે અર્ધસરકારી કર્મચારીઓ છે. વળી, આ શહેર પ્લાન કરીને વિકસાવાયેલું હોવાથી અહીના તમામ રહીશો રાજયભરમાંથી અને કેટલાક રાજય બહારથી આવીને વસ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી દિવાળીમાં બહારગામ ફરવા જવાનો ટ્રેન્ડ વધી ગયો હતો અને જેઓ બહારગામ હરવા ફરવા માટે નહોતાં જતા એ પોતાના વતનમાં જઈને ઘર પરિવાર-ગામના સ્નહીજનો સાથે દિવાળી ઉજવતા. તેથી દર દિવાળીની રજાઓ દરમિયાન ગાંધીનગરના માર્ગો પર ચહલપહલ આમ પણ નહીંવત થઈ જતી હતી. જો કે આ વર્ષે કોરોના મહામારીના કારણે બહારગામ હરવા-ફરવા જવા પર તો અંકુશ આવ્યો છે પરંતુ દિવાળીની રજાઓમાં કોઈ મળવા આવે અને સંક્રમણનું જોખમ તોળાય તેના કરતાંય ગામડે જઈને પરિવારજનો સાથે દિવાળી ઉજવવી સારી તેવું વલણ વધુ જોવા મળી રહ્યું છે. આ કારણે આશરે ૫૦ ટકાથી વધુ સરકારી કર્મચારીઓ પરિવાર સહિત વતનની વાટ પકડી ચુકયા છે. જેના કારણે શહેરમાં સુનકાર વ્યાપી રહ્યો છે.



દિવાળીના પર્વે લક્ષ્મી પૂજનનું અનેરું મહાત્મ્ય છે. નવું વર્ષ સુખ-સમૃધ્ધિ સભર બની રહે તે માટે લક્ષ્મીજીનું આહવાન કરવામાં આવે છે. એટલે જ આ પર્વે ફુલોની માંગ ખૂબ રહે છે. લોકડાઉનના સમયમાં સાવ ઠપ્પ થઈ ગયેલી ફૂલોની ખેતી અને તેના વ્યવસાયને દિવાળીના ઉત્સવે વેગ આપ્યો છે. ફૂલની કિંમતમાં પણ વધારો થયો છે. ભાવમાં વધારો હોવા છતાં ઘરાકી સારી જોવા મળી રહી છે.



ગાંધીનગર લાયોનેસ કલબ તરફ થી સે-૧૯ માં આવેલ સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમમાં ફટાકડા તથા નાસ્તાના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી કોરોનાના દર્દીઓમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. અત્યારે હાલના સમયે કોવીડ હોસ્પિટલમાં અંદાજીત ૧૮૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે કોરોના દર્દીઓ માટે ૯ મ્હા માળે નવિન વોર્ડ પણ કાર્યરત કરી દેવાયો છે. ત્યારે ગાંધીનગરમાં રોજના કોરોનાથી સંક્રમિત અંદાજીત ૪૦ દર્દીઓ સામે આવી રહ્યા છે. જયારે કોરોનાના વધતા જતા કેસને પગલે શહેરની આસપાસ આવેલી કોવીડ હોસ્પિટલમાં પણ બેડ હાઉસફુલ થઈ ગયા છે. દિવાળીના તહેવાર અને ઠંડીની સિઝનને પગલે કોરોના કેસ વધશે તેવી આશંકાને પગલે ગાંધીનગર કોવીડ હોસ્પિટલ તંત્ર દ્વારા અગાઉથી જ સુચારુ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સમગ્ર રાજયમાં કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. દિવાળીની ખરીદીમાં બજારોમાં નાગરીકોની ભારે ભીડ જોવા મળે છે. સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતુ નથી કે કેટલાક કિસ્સામાં તો મોં પર માસ્ક પર નાગરીકો ફરતા જોવા મળી રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારો પ્રારંભ થતાની સાથે જ કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. પખવાડીયા પહેલા ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં માત્ર અંદાજીત ૭૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. જયારે હાલના સમયે આ સંખ્યા ૧૮૦ની આસપાસ પહોચી જવા પામી છે. છેલ્લા બે ત્રણ દિવસથી દૈનિક ધોરણે નોંધાતા કોરોના કેસમાં આંશિક વધારો જોવા મળ્યો છે. પહેલા દિવસ દરમિયાન કોરોનાના ૨૦ જેટલા દર્દીઓ આવતા હતા, જયારે હાલના સમયે તે સંખ્યા બમણી થઈ હોય તેમ લાગી રહ્યું છે. ૪૦ દર્દીઓ એડમીટ થાય છે તો બીજી તરફ ૨૦ થી વધુ દર્દીઓ સ્વસ્થ બનીને ઘરે પરત ફરે છે. દિવાળીના પર્વ અને શિયાળાની સિઝનને પગલે કોરોનાના કેસ વધશે તેવી ચિંતા પણ વ્યકત કરવામાં આવી હતી. ત્યારે નાગરીકો તો હાલના સમયે પણ કોરોના ને હળવાશમાં લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

## અડાલજ પાસેથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૪

અડાલજ બાલાપીર સર્કલ થી મહેસાણા પીકઅપ તરફ જતા હાઈ વે માર્ગ પાસેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. અંદાજીત ૩૦ થી ૩૫ વર્ષિય યુવકનું મૃત્યુનું કારણ સામે આવ્યું નથી. મૃતકના શરીર પર અડધી બાયનું મરૂન અને રાખોડી કલરનું ગરમ સ્વેટર તેમજ રાખોડી કલરનું સાદુ પેન્ટ પહેરેલુ હતું. આ અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે. જયારે મૃતક યુવક પાસેથી ઓળખના કોઈ પુરાવા મળ્યા નથી. જેને પગલે પોલીસે હાલના સમયે વાલી વારસોની શોધખોળ આદરી છે.

# કેનાલમાં પડેલા પ્રેમી પંખીડાને ડભોડા પોલીસને જીવના જોખમે બચાવ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક થી પસાર થતી નર્મદા કેનાલ આપઘાત માટે હોટ સ્પોટ બનતી જાય છે. ત્યારે ગુરુવારના રોજ બપોરના રોજ કરાઈ કેનાલમાં પ્રેમી પંખીડાએ કુદકો માર્યો હતો. ત્યાંથી પસાર થઈ રહેલી પીસીઆર વાનમાં સવાર પોલીસ કર્મચારીઓ જોઈ જતા એક પણનો વિલંબ કર્યા વિના કેનાલમાં પડેલા પ્રેમી યુગલને જીવના જોખમે બચાવી લીધા હતા.

મળતી વિગત મુજબ તહેવારને પગલે શહેર-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાની સુચનાને પગલે પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. ત્યારે ડભોડા પીએસઆઈ એલ.એચ.મસાણીના માર્ગદર્શનમાં સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. જેમાં ગુરુવારના રોજ બનેલી ઘટનામાં ત્રણ વાગ્યાના અરસામાં એક પ્રેમી યુગલે કરાઈ કેનાલમાં ઝંપલાવ્યું હતું.પીસીઆર લઈને જતા પોલીસવાન રામાજી પ્રહલાદજી અને ભરતસિંહ ચંદુસિંહ પ્રેમીયુગલને જોઈ ગયા હતા. બંને પોલીસ જવાનોએ તાત્કાલીક નીચે ઉતરીને વાનમાં પડેલુ દોરડું કેનાલમાં ફેંક્યું હતું. જેથી આ દોરડાને પકડીને પ્રેમી યુગલ બહાર આવ્યું હતું. પોલીસે બંન્નેની પુછતાછ કરતા તે ભાટ વિસ્તારનો ૨૬ વર્ષિય યુવક અને નારોલ વિસ્તારની ૨૩ વર્ષિય યુવતિ હોવાનું સામે આવ્યું હતું. જયારે પોલીસની પ્રાથમિક પુછતાછમાં લગ્ન શકય ન લાગતા તેઓએ આપઘાતનો પ્રયત્નો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જેથી ડભોડા પોલીસે પ્રેમી યુગલનું આપઘાત જેવુ પગલુ નહી ભરવા જરુરી કાઉન્સેલીંગ કર્યુ હતું. પોલીસે બંન્ને પરિવારને બોલાવી તેઓને સોંપ્યા હતા.



કોરોનાની સૌથી વધુ અસર ફટાકડા બજાર પર થઈ છે. દિવાળી અને નવા વર્ષની ઉજવણી ફટાકડા ફોડીને કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાના કારણે ફટાકડા નહીં ફોડવાનો નિર્ણય ઘણા પરિવારોએ કર્યો છે. ફટાકડા ફોડવાથી પ્રદૂષણ વધતું હોવાનું તારણ હોવાથી ઘણા પરિવારોએ તો આ વર્ષે ફટાકડાંની ખરીદી જ કરી નથી. ફટાકડા બજાર હાલમાં સુમસામ જોવા મળી રહ્યા છે.



ગાંધીનગરમાં વિકાસ કાર્યોએ વેગ પકડયો છે. રોડ-રસ્તા, સ્ટોમ વોર્ટર ડ્રેનેજ લાઈન, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ સહીતના કામો સતત ચાલી રહ્યા છે. ગ રોડને સિકસલેન બનાવી તેને નવો ઓપ આપવામાં આવી રહ્યો છે. ગ-૩ સર્કલને નવું રંગરોગાન કરવામાં આવી રહ્યું છે. દિવાળી પર્વે ગ-રોડ જાણે સજી ધજી રહ્યો છે.



જલારામ મહિલા મંડળ દ્વારા દિવાળી નિમિત્તે સેકટર-૬માં જરૂરિયાત મંદ ને જુના કપડા ફટાકડા અને ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું.



દિપોત્સવ નિમિત્તે ચિલોડા સ્થિત ૧૮૧ અભયમ્ મહિલા દ્વારા દિવાળી રંગારંગ રંગોળી બનાવી ત્યારબાદ કર્મયોગી મહિલા અને કર્મચારીઓને મોં મીઠું કરાવવા મિઠાઈનું વિતરણ કરી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દિવસભર દુકાન-ઓફિસની સાફસુફી પછી સાંજે લક્ષ્મીપૂજન યોજાયા

**હજુ કાલે પડતર દિવસે સવારે પણ દિવાળીની તિથી ચાલુ હોવાથી કેટલાંકે લક્ષ્મીપૂજન કાલે સવારે રાખ્યું**

ગાંધીનગર, તા.૧૪

દિવાળી પર્વ એટલે નવિનતાને પામવાનું પર્વ, ભૂતકાળના અંધકારને ભૂલી ભવિષ્યના ઉજાસ તરફ આગળ વધવાનું પર્વ અને દિવાળી એટલે પવિત્રતાને પામવાનું પર્વ. આજ કારણથી દિવાળીમાં ઘર હોય કે દુકાન હોય સાફસુફીનું ખૂબ મહત્વ હોય છે. આજે શહેરમાં સરકારી રજા હતી તેથી કચેરીઓ-બેન્કો વગેરે બંધ હતું પરંતુ શહેરના વ્યવસાયિકોએ દિવસભર પોતાની દુકાન-ઓફિસ કે ધંધાના સ્થળની સાફસુફી કરી હતી અને બપોર પછી કે સાંજના મુહુર્તમાં લક્ષ્મીપૂજન એટલે કે ચોપડાં પૂજન હાથ ધર્યુ હતું.





શહેરમાં એક તરફ દિવાળીના આખરી દિવસોની ખરીદીની ભીડ બજારમાં ઉમટી હતી તો બીજી તરફ અનેક દુકાનદારો ધંધાર્થીઓ એવાં પણ હતા કે જેમણે પોતાના વેપારના સ્થળની સાફસુફી હાથ ધરી હતી. શહેરમાં ખાનગી પેઢીઓ અને ખાનગી કંપનીઓના કાર્યાલયોમાં પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હોય તેવો માહોલ હતો અને બીજી તરફ બપોરથી મોડી સાંજ અને રાત્રિના સમયે લક્ષ્મીપૂજન માટે સારાં મુહુર્ત હોવાથી સાફસફાઈ પતાવીને વેપારીઓએ લક્ષ્મીપૂજન, ચોપડાં પૂજન વગેરે હાથ ધર્યા હતા. આ સાથે તોલવાના કાંટા વગેરેની પણ પૂજા યોજાઈ હતી. જો કે હજુ આવતીકાલે પડતર દિવસ હોવાથી ઘણા વેપારીઓએ આજે પોતાની દુકાન-ઓફિસની સાફસુફી કરવાની અને આવતીકાલે સવારે દિવાળીની તિથી ચાલુ રહેતી હોવાથી રવિવારે સવારે લક્ષ્મીપૂજન કરવાનું મુનાસિબ માન્યું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. અમીત સુર્યકાન્ત મહેતા, ઉ.વ. ૪૫, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. બાબુલાલ દુધાભાઈ વાડીયા, ઉ.વ. ૬૮, સાણંદ, અમદાવાદ
- સ્વ. ચૌહાણ જીજ્ઞેશ વિજયભાઈ, ઉ.વ. ૨૭, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. શાહ કલાવતીબેન રસિકલાલ, ઉ.વ. ૮૩, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. નીતાબેન ભરતસિંહ વિહોલ, ઉ.વ. ૪૯, કૃષ્ણનગર, અમદાવાદ
- સ્વ. શિખા અરવિંદકુમાર શર્મા, ઉ.વ. ૫૦, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. ચિમનભાઈ બબાભાઈ મકવાણા, ઉ.. ૬૭, સેકટર-૧૧, ગાંધીનગર
- સ્વ. કડીયા ચીમનભાઈ સાંકળચંદ, ઉ.વ. ૬૬, સેજા, તા. કલોલ
- સ્વ. ઠાકોર ધુળાજી લખાજી, ઉ.વ. ૫૧, જેઠીપુરા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર વિષ્ણુભાઈ લાલાજી, ઉ.વ. ૪૭, હાલીસા, તા. દહેગામ
- સ્વ. દરજી કનૈયાલાલ દશરથલાલ, ઉ.વ. ૪૬, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. નારણભાઈ પુંજાલાલ વાઘેલા, ઉ.વ. ૫૨, સેકટર-૨૪, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. અન્નપૂર્ણાબેન દુર્ગાશંકર દવે, ઉ.વ. ૭૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. ગોવિંદજી શકરાજી સોલંકી, ઉ.વ. ૬૦, શાહપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મધુબેન બુધાજી, ઉ.વ. ૬૬, સુઘડ, તા. ગાંધીનગર